PROVISIONAL ANSWER KEY
NAME OF THE POST:
1).Assistant Commisioner of Labour, Class-I, Advt:-23/2016-17 (AHA)
Date of Premilinary Test : 21-5-2017
G.S. + Concerned Subject - ( 001 to 200 )
Date of Publication :28-05-2017
Last Date to send suggestion(s) : 3-06-2017
Note:
1). All Suggestions are to be sent with reference to website published Question paper with Provisional Answer Key Only.
2). All Suggestions are to be sent in the given format only.
3). Candidate must ensure the above complaince.

001. રાષ્ટ્રિય યુવા દિવસ "National Youth Day" ક્યારે મનાવવામાં આવે છે ?

(A) દર વર્ષે 12 જાન્યુઆરી
(B) દર વર્ષે 13 જાન્યુઆરી
(C) દર વર્ષે 11 જાન્યુઆરી
(D) કદર વર્ષે 15 જાન્યુઆરી

002. દેશમાં તાંબા (કોપર)ના અગત્યના ભંડારો કયા સ્થળે આવેલાં છે ?

(A) હજારી બાગ / સીંગભૂમી (ઝારખંડ)
(B) ખેતરી અને દરીબા (રાજસ્થાન)
(C) અનંતપુર (આંધ્રપ્રદેશ)
(D) શિવાલીકા (ઉત્તરપ્રદેશ અને કર્ણાટક)

003. નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

1. ધી ગ્રેટ વિક્ટોરીયા ડેઝર્ટ (The Great Victoria Desert) - ઑસ્ટ્રેલીયામાં આવેલ છે.
2. સહારાનું રણ (Sahara) એક કરતાં વધારે દેશોમાં આવેલું છે.
3. સફેદ રણ (White Salt Desert) કચ્છમાં આવેલ છે.

(A) 1 અને 2
(B) 2 અને 3
(C) 1 અને 3
(D) 1, 2 અને 3

004. નેશનલ પાર્ક અને રાજ્યોનાં જોડકામાંથી કયું જોડકું યોગ્ય નથી ?

(A) હેમીસ નેશનલ પાર્ક (Hemis National Park) - જમ્મુ અને કાશ્મિર
(B) ગંગોત્રી નેશનલ પાર્ક - ઉત્તરાખંડ
(C) નમેરી (Nameri) નેશનલ પાર્ક - રાજસ્થાન
(D) શુલપાણેશ્વર વાઈલ્ડ લાઈફ સેંચુરી - ગુજરાત

005. ગુજરાત રાજ્યમાં સ્ત્રીઓમાં સૌથી ઓછો સાક્ષરતા દર હોય તે કયો જિલ્લો છે ? (સને 2011ની વસ્તી ગણતરી મુજબ)

(A) દાહોદ
(B) ડાંગ
(C) બનાસકાંઠા
(D) પંચમહાલ

006. રાજ્યમાં કયા જિલ્લામાં સરેરાશ વરસાદ સૌથી વધારે થાય છે ?

(A) વલસાડ
(B) નવસારી
(C) ડાંગ
(D) સુરત

007. ભારતમાં કયા તહેવાર સાથે, હોડી સાથેની નાવ સ્પર્ધા (Boat race) સંકળાયેલ છે ?

(A) ઓનમ
(B) રંગોલી બીહું
(C) નવરાત્રી
(D) પોંગલ

008. દેશના કયા શહેરમાં એશિયા-પેસીફીક વિસ્તારનો સૌથી મોટો સાહિત્યિક ઉત્સવ (Literary Festival) ઉજવાય છે ?

(A) લખનૌ
(B) નવી દિલ્હી
(C) કલકત્તા
(D) જયપુર

009. નીચેના પૈકી કયા મહાનુભાવ ગાયક નથી ?

(A) ઉસ્તાદ રહેમત ખાન
(B) પંડીત જસરાજ
(C) ઉસ્તાદ બડે ગુલામઅલી ખાન
(D) પંડીત બિસ્મિલ્લા ખાન

010. નીચેના પૈકી કયા રાજ્યમાં હીરાની ખાણો આવેલ નથી ?

(A) આંધ્રપ્રદેશ
(B) તેલંગણા
(C) કર્ણાટક
(D) મહારાષ્ટ્ર

011. નૃત્ય અને તેને સંબંધિત વાક્યોમાંથી કયુ વાક્ય સાચું નથી ?

(A) ભરતનાટ્યમ્ એ તામિલનાડુનું નૃત્ય છે.
(B) કથ્થકલી એ કેરલાનું મુખ્ય નૃત્ય છે.
(C) કુચ્ચીપુડી એ આંધ્રનું નૃત્ય છે અને નૃત્ય અને ગાયનનો તેમાં સમાવેશ થાય છે.
(D) ખુલ્લમ (Khuallam) નૃત્ય મેઘાલયનું નૃત્ય છે.

012. આધ્યાત્મિક પ્રવાસધામ અને તેના મહત્વની વિગતો જણાવેલ છે, તે પૈકી કઈ બાબત સાચી નથી ?

(A) સોમનાથ - વિદેશી આક્રમણકારોએ આ મંદીરનો નાશ કરેલ. 1950માં નવનિર્માણનું કામ શરૂ કરેલ.
(B) પાવાગઢ-ચાંપાનેર - યુનેસ્કો દ્વારા વર્લ્ડ હેરીટેઝનો દરજ્જો આપેલ છે.
(C) નારાયણ સરોવર - જૂનાગઢ પર્વતની તળેટીમાં આવેલ છે.
(D) મહુડી - જૈન સંપ્રદાયનું અગત્યનું યાત્રાધામ છે.

013. સંગ્રહાલય અને તેના સ્થાન દર્શાવતી જોડીઓ પૈકી કઈ જોડી યોગ્ય નથી ?

(A) કેલીકો ટેક્ષટાઈ સંગ્રહાલય - અમદાવાદ
(B) માનવ સંસ્કૃતિનું સંગ્રહાલય - ભૂજ
(C) સલાર જંગ મ્યુઝીયમ - હેદ્રાબાદ
(D) વિક્ટોરીયા મેમોરીયલ હૉલ - ચેન્નાઈ

014. શ્રી "બી. સી. રૉય ઍવોર્ડ" (B. C. Roy Award) કયા ક્ષેત્રમાં યોગદાન બદલ આપવામાં આવે છે ?

(A) સંગીત (Music)
(B) પત્રકારત્વ (Journalism)
(C) ચિકિત્સા વિજ્ઞાન (Medicine)
(D) પર્યાવરણ (Environment)

015. UNESCO દ્વારા જાહેર કરવામાં આવેલ નેચરલ વર્લ્ડ હેરીટેજ (Natural World Heritage)ના સ્થળો અને સંબંધિત રાજ્યમાંથી કયું જોડકું યોગ્ય નથી ?

(A) કાઝીરંગા નેશનલ પાર્ક - આસામ
(B) નંદાદેવી નેશનલ પાર્ક અને વેલી ઑફ ફ્લાવર્સ - ઉત્તરાખંડ
(C) સુંદરવન નેશનલ પાર્ક - પશ્ચિમબંગાળ (West Bengal)
(D) ગ્રેટ હિમાલય નેશનલ પાર્ક - જમ્મુ અને કાશ્મિર

016. નીચેના પૈકી કોને જ્ઞાનપીઠ ઍવોર્ડ મળેલ છે ?

1. શ્રી ઉમાશંકર જોષી 2. શ્રી પન્નાલાલ પટેલ 3. શ્રી રાજેન્દ્ર શાહ 4. શ્રી ક. મા. મુનશી

(A) 1, 2 અને 3 (B) 2, 3 અને 4

(C) 3, 4 અને 1 (D) 1, 2 અને 4

017. ભારતમાં વીરતા (Gallantry Award) માટે સર્વોચ્ચ ઍવોર્ડ કયો છે ?

(A) પરમ વિશીષ્ઠ સેવા મેડલ (B) કીર્તિ ચક્ર

(C) પરમવીર ચક્ર - અશોક ચક્ર (D) વીર ચક્ર

018. સ્થાપત્ય અને સ્થળના જોડકામાંથી કયું જોડકું સાચું નથી ?

(A) હરમીન્દ્ર સાહેબ (Harmandar Sahib) - અમૃતસર

(B) બૃહદેશ્વર મંદીર (Brihadiswara) - તાંજાવર (Tanjavar)

(C) હવા મહેલ - જયપુર

(D) બહાઈ મંદીર (Bahai Temple) - મુંબઈ

019. HD 2967 એ કયા પાકમાં વધુ ઉત્પાદન આપતી જાત છે ?

(A) ચોખા (B) ઘઉં

(C) તેલીબીયા (D) મકાઈ

020. ઍટોમીક પ્લાન્ટ (Automic Power Station) અને સંબંધીત રાજ્યના જોડકામાંથી કયું જોડકું યોગ્ય નથી ?

(A) તારાપુર ઍટોમીક પાવર સ્ટેશન - મહારાષ્ટ્ર

(B) કાલગા જનરેટીંગ સ્ટેશન - કર્ણાટક

(C) કુદનકુલમ ન્યુક્લીયર પાવર સ્ટેશન (Kudankulam Nuclear Power Station) - તામિલનાડુ

(D) નરોરા ઍટોમીક પાવર સ્ટેશન - કર્ણાટક

021. અગત્યના ડેમ અને રાજ્યના જોડકામાંથી કયું જોડકું યોગ્ય નથી ?

(A) ચેરૂથોની ડેમ (Cheruthoni Dam) - કેરલા (B) ઈન્દીરાસાગર ડેમ - મધ્ય પ્રદેશ

(C) ક્રિષ્ણસાગર ડેમ - તામિલનાડુ (D) મિત્તુર ડેમ (Mettur Dam) - તામિલનાડુ

022. ગુજરાતી સાહિત્યના લેખકો અને પુસ્તકોને યોગ્ય રીતે ગોઠવો.

| | |
|---|---|
| 1. શ્રી ગોવર્ધનરામ ત્રિપાઠી | a. હિમાલયનો પ્રવાસ |
| 2. શ્રી ક. મા. મુનશી | b. સરસ્વતીચંદ્ર |
| 3. શ્રી અશ્વિની ભટ્ટ | c. પૃથ્વી વલ્લભ |
| 4. કાકાસાહેબ કાલેલકર | d. ઓથાર (Othaar) |

(A) 1 - c, 2 - d, 3 - a, 4 - b (B) 1 - b, 2 - c, 3 - d, 4 - a

(C) 1 - d, 2 - a, 3 - b, 4 - c (D) 1 - a, 2 - b, 3 - c, 4 - d

023. ભારતમાં નીચેના પૈકી કયા પાકને રોકડીયો પાક (Commercial Crop) ગણવામાં આવે છે ?

(A) બાજરો

(B) કપાસ

(C) જુવાર

(D) ચોખા

024. લેખકો અને તેમના પુસ્તકોના જોડકામાંથી કયું જોડકું યોગ્ય નથી ?

(A) શ્રી વિષ્ણુ પ્રભાકર - આવારા (Aawara)

(B) અમૃતા પ્રિતમ - પીંજર (Pinjar)

(C) શ્રી લાલ શુક્લા - રાગ દરબારી

(D) શ્રી યશપાલ - મૈલા આંચલ (Maila Anchal)

025. અમદાવાદ શહેરમાં કાપડની ઘણી મીલો હતી કારણ કે -

1. મોટા પ્રમાણમાં સપાટ જગ્યા મળતી હતી.
2. કપાસના ઉત્પાદન કેન્દ્રો પાસે હતા.
3. કાંતણ અને વણાટ માટે સૂકી હવા મળતી હતી.
4. અમદાવાદથી કાપડ સહેલાથી અન્ય જગ્યાએ મોકલી શકાતું હતું.

ઉપરોક્ત પૈકી કયા વાક્યો સાચાં છે ?

(A) 1, 2 અને 3

(B) 1, 2 અને 4

(C) 2, 3 અને 4

(D) 1, 3 અને 4

026. “ચીલ્લાય કાલન” (Chillai Kalan) કયા સંદર્ભમાં ઉપયોગમાં લેવામાં આવે છે ?

(A) થારના રણમાં 40 દિવસ સુધી થતાં રેતીના તોફાન માટે

(B) કાશ્મીરમાં 40 ભયંકર ઠંડીના દિવસો માટે

(C) ત્રિપુરી ખાતે થતા વરસાદ અને ભારે પવનના તોફાનો માટે

(D) 60 થી 100 કિલોમીટર / પ્રતિ કલાકની ઝડપે આવતા હિમાલયના પવનોનો સમય

027. ઈબ્ન બતુતા (Ibn Batuta) - આરબ વિદ્યાન ભારતમાં આવેલ હતા ત્યારે કયા રાજા / સુલતાનના દરબારમાં કાર્ય કરેલ હતું ?

(A) અકબર

(B) કુતબુદ્દીન-ઐબક

(C) મહમદ બીન-તુઘલક

(D) અલ્લાઉદ્દીન ખીલજી

028. ઔદ્યોગીક ક્રાન્તિ (Industrial Revolution)ની શરૂઆત કયા દેશમાં થયેલ હતી ?

(A) જર્મન

(B) ઈંગ્લેન્ડ

(C) ફ્રાન્સ

(D) અમેરિકા

029. “જલિયાવાલા બાગ” (Jallianwala Bagh) હત્યાકાંડ વખતે વાઈરોય તરીકે કોણ કાર્યવંત હતા ?

(A) લૉર્ડ ચેમ્સફોર્ડ (Lord Chelmsford)

(B) લૉર્ડ રીપન (Lord Ripan)

(C) લૉર્ડ કર્ઝન (Lord Carzon)

(D) લૉર્ડ કેનીંગ (Lord Canning)

030. નીચેના પૈકી કયા મોગલ સુલતાનને "આલમગીર (Alamgir)" પણ કહેવામાં આવે છે ?

(A) ઔરંગઝેબ (B) અકબર

(C) જહાંગીર (D) શાહજહાં

031. મૂળ "ગ્રાન્ડ ટ્રંક રોડ" (Grand Trunk Road) બાંધાનર કોણ હતા ?

(A) અકબર (B) શેરશાહ સુરી

(C) ઔરંગઝેબ (D) અલ્લાઉદ્દીન ખીલજી

032. ધી રામક્રિષ્ણ મિશન (The Ram Krishna Mission)ની સ્થાપના કોણે કરી હતી ?

(A) દયાનંદ સરસ્વતી (B) કેશવચંદ્ર

(C) વિવેકાનંદ (D) હંસરાજ

033. ભારતની સ્વતંત્રતા ચળવળમાં "9મી ઑગસ્ટ 1925"ને કયા કારણસર યાદ કરવામાં આવે છે ?

(A) ચૌરાચૌરીનો બનાવ (B) કાકોરી ટ્રેન લૂંટનો બનાવ

(C) જલીયાવાલા બાગ હત્યાકાંડ (D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં

034. "ઈન્ડસ વેલી" (The Indus Valley)ના ઘરો શામાંથી બનાવવામાં આવેલ હતા ?

(A) વાંસ (Bamboos) (B) લાકડુ (Wood)

(C) ઈંટ (Bricks) (D) પથ્થર (Stone)

035. ચંદીગઢમાં આવેલ 'રૉક ગાર્ડન'ની રચના કોણે કરી છે ?

(A) પુપલ જયકર (B) ગ્લેન

(C) નેકચંદ (D) લી કૉરબુસર

036. પાણીપતનું પ્રથમ યુદ્ધ કોના વચ્ચે લડવામાં આવેલ હતું ?

(A) અકબર અને હેમુ (B) અબદાલી અને મરાઠા

(C) હુમાયુ અને શેરશાહ સુરી (D) બાબર અને ઈબ્રાહિમ લોદી

037. ટ્રાવેલ અને ટુરીઝમ સંબંધીત સ્પર્ધાત્મક અહેવાલ 2017 (Travel and Tourism Competitiveness Report 2017)ના સંબંધીત કયુ વાક્ય યોગ્ય નથી ?

(A) આ અહેવાલ વર્લ્ડ ઈકોનોમીક ફોરમ દ્વારા બહાર પાડવામાં આવે છે.

(B) અહેવાલ મુજબ પ્રથમ સ્થાન ઉપર સ્પેન (Spain) છે.

(C) ભારત અહેવાલ મુજબ 40મા ક્રમે છે.

(D) યુનોના દરેક સભ્ય રાષ્ટ્રોનો આ અહેવાલમાં સમાવેશ થાય છે.

038. છેલ્લા ત્રણ વર્ષમાં કયા ક્ષેત્રમાં FDI (Foreign DirectInvestment) સૌથી વધારે રહેલ છે ?

(A) કોમ્પ્યુટર સોફ્ટવેર અને હાર્ડવેર (B) સર્વિસ સેક્ટર

(C) દવાઓ અને ફાર્મા સેક્ટર (D) હૉટેલ અને ટુરીઝમ ક્ષેત્ર

039. નીચેના પૈકી કોને કૃત્રિમ ચલણ (Artificial Currency) કહેવામાં આવે છે ?

(A) ADR (B) GDR

(C) SDR (D) ADR અને GDR

040. કરવેરા અને અન્ય આવકો, ભારત સરકારને મળે છે તે કયા ફંડમાં જમા કરવામાં આવે છે ?

(A) કંટીજન્સી ફંડ ઑફ ઇન્ડિયા (Contingency Fund of Idnia)

(B) જાહેર હિસાબ ફંડ (Public Accounts Fund)

(C) કન્સોલીટેડેટ ફંડ ઑફ ઇન્ડિયા (Consolidated Fund of India)

(D) ડીપોઝીટર એન્ડ એડવાન્સ ફંડ (Deposit and Advance Fund)

041. દેશમાં ડેફીસીટ ફાયનાન્સીંગ (Deficit Financing) કયા હેતુ માટે ઉપયોગી છે ?

(A) ઈકોનોમીક ડેવલપમેન્ટ (Economic development)

(B) જાહેર દેવાને ચૂકવવા (Redemption of public fund)

(C) નાણા ઉપરનું દબાણ ઘટાડવા (To reduce finance pressure)

(D) પરદેશી દેવુ ચૂકવવા (Reducing foreign debt)

042. હ્યૂમન ડેવલપમેન્ટ રીપોર્ટ (HDR) બાબતે નીચેના પૈકી કયુ વાક્ય યોગ્ય નથી ?

(A) UNDP દ્વારા આ રીપોર્ટ બહાર પાડવામાં આવે છે.

(B) હ્યૂમન ડેવલપમેન્ટ ઈન્ડેક્સ (HDI)માં ત્રણ પરિમાણ (Dimensions) નો ઉપયોગ કરવામાં આવે છે.

(C) છેલ્લો અહેવાલ માર્ચ 2017માં બહાર પાડવામાં આવેલ હતો.

(D) યુનોના બધા જ સભ્ય દેશોનો આ અહેવાલમાં સમાવેશ થાય છે.

043. હજીરાથી ધૂળે - નાગપુર - રાયપુર - સંબલપુર - બહારાગોરા અને કલકત્તા સુધી જવા માટે કયા નેશનલ હાઈવેનો ઉપયોગ કરવામાં આવે છે ?

(A) 5 (B) 6

(C) 7 (D) 8

044. ‘‘વાર્ષિક નાણાકીય પત્રક’’ સંસદના બંને ગૃહ સમક્ષ મુકવા માટેની જોગવાઈ, બંધારણના કયા આર્ટીકલમાં રાખવામાં આવેલી છે ?

(A) 111 (B) 112

(C) 113 (D) 114

045. કમિશન ઑફ રેલ સેફ્ટી (The Commission of Rail Safety) કયા મંત્રાલય હેઠળ કાર્ય કરે છે ?

(A) મીનીસ્ટ્રી ઑફ સિવીલ એવીએશન (Ministry of Civil Aviation)

(B) કેબીનેટ સેક્રેટરીએટ (Cabinet Secretariat)

(C) મીનીસ્ટ્રી ઑફ રેલવે (Ministry of Railways)

(D) મીનીસ્ટ્રી ઑફ સરફેસ ટ્રાન્સપોર્ટ (Ministry of Surface Tranasport)

046. પ્રોજેક્ટ એરો (Project Arrow) કયા વિભાગ સાથે સંકળાયેલ છે ?

(A) સંરક્ષણ ઉત્પાદન (Defence Deptartment)

(B) પોસ્ટ ડિપાર્ટમેન્ટ (Post Department)

(C) અંતરિક્ષ કેન્દ્ર (Department of Space)

(D) રમત ગમત મંત્રાલય

047. ઓપન માર્કેટ ઓપરેશન (Open Market Operation) એ શાની સાથે સંકળાયેલ છે ?

(A) શેર બજાર

(B) RBI રિઝર્વ બેંક ઑફ ઇન્ડિયા

(C) અનાજ, કઠોળની ખરીદ-વેચાણની કામગીરી

(D) પેટ્રોલ, ડિઝલ અંગેનું બજાર

048. ભારતના બંધારણમાં કુલ મૂળ કેટલી અનુસૂચિ (Schedule) સામેલ કરવામાં આવેલ છે ?

(A) 11 (B) 12

(C) 13 (D) 14

049. "પુરુષો અને સ્ત્રીઓ, બંનેને સરખા કામ માટે સરખો પગાર મળે" - આ જોગવાઈ બંધારણના કયા આર્ટિકલમાં કરવામાં આવેલી છે ?

(A) 36 (B) 37

(C) 38 (D) 39

050. "સંસદની રચનાની જોગવાઈ" બંધારણના કયા આર્ટિકલમાં કરવામાં આવેલી છે ?

(A) 78 (B) 79

(C) 80 (D) 81

051. ભારતના રાષ્ટ્રપતિની જોગવાઈ બંધારણના કયા ભાગ (Part)માં દર્શાવેલ છે ?

(A) ત્રણ (3) (B) ચાર (4)

(C) પાંચ (5) (D) છ (6)

052. "દરેક રાજ્યમાં એક રાજ્યપાલ રહેશે." બંધારણના કયા આર્ટિકલમાં આ જોગવાઈ કરવામાં આવેલી છે ?

(A) 152 (B) 153

(C) 154 (D) 155

053. "સર્વોચ્ચ ન્યાયાલય દિલ્હીમાં અથવા મા. રાષ્ટ્રપતિની મંજૂરી લઈને મા. મુખ્ય ન્યાયમૂર્તિ નક્કી કરે તે જગ્યાએ બેસશે." બંધારણના કયા આર્ટિકલમાં આ જોગવાઈ કરવામાં આવેલી છે ?

(A) 129 (B) 130

(C) 131 (D) 132

054. પંચાયતોની નાણાકીય પરિસ્થિતિની સમીક્ષા કરવા નાણા આયોગની રચના કરવાની જોગવાઈ બંધારણના કયા આર્ટિકલમાં કરવામાં આવેલી છે ?

(A) 241 (B) 243

(C) 244 (D) 245

055. રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો મુજબ ગ્રામ પંચાયતોની રચના બાબતની જોગવાઈ બંધારણના કયા આર્ટિકલ હેઠળ કરવામાં આવેલી છે ?

(A) 38 (B) 39

(C) 40 (D) 41

056. ચૂંટણી વિષયક બાબત ન્યાયાલયોની દરમ્યાનગીરી ઉપર પ્રતિબંધની જોગવાઈ કયા આર્ટિકલમાં કરવામાં આવેલી છે ?

(A) 327 (B) 328

(C) 329 (D) 330

057. રાજ્ય લોકસેવા આયોગના સભ્યશ્રી પોતાનું રાજીનામું કોને આપે છે ?

(A) કાયદા મંત્રીશ્રીને (B) મુખ્ય મંત્રીશ્રીને

(C) મા. રાજ્યપાલશ્રીને (D) મા. રાષ્ટ્રપતિશ્રીને

058. ભારતના નિયંત્રક-મહાલેખા પરીક્ષકના હોદ્દા માટેની જોગવાઈ કયા આર્ટિકલમાં કરવામાં આવેલી છે ?

(A) 147 (B) 148

(C) 149 (D) 150

059. સેન્ટ્રલ વિજીલન્સ કમિશ્નરશ્રીની નિમણૂંક કોણ કરી શકે છે ?

(A) મા. રાષ્ટ્રપતિશ્રી (B) મા. વડાપ્રધાનશ્રી

(C) મા. નાણા મંત્રીશ્રી (D) મા. કાયદા મંત્રીશ્રી

060. સેન્ટ્રલ ઈન્ફરમેશન કમિશનની રચના કયા વર્ષમાં કરવામાં આવેલ હતી ?

(A) 2004 (B) 2005

(C) 2006 (D) 2008

061. 1-4-2017 ના રોજ નીતિ આયોગમાં કેટલા સભ્યશ્રીઓ છે ?

(A) 2 (B) 5

(C) 4 (D) 3

062. રાજ્ય ચૂંટણી આયોગ નીચેના પૈકી કઈ ચૂંટણી કરતુ નથી ?

(A) મ્યુનિસિપલ કોર્પોરેશન (B) મ્યુનિસિપાલીટી

(C) જિલ્લા પંચાયત (D) લોકસભા

063. છગન બેંકમાંથી 12% ના સાદા વ્યાજે લોન લે છે. ત્રણ વર્ષ બાદ રૂા. 7,200 વ્યાજ પેટે ચૂકવે છે. આ સંજોગોમાં લોનની રકમ કેટલી હશે ?

(A) 20,000 (B) 60,000

(C) 2,40,000 (D) 2,592

064. એક વેપારી 100 રૂા. માં 6 સરખી વસ્તુઓ ખરીદે છે. જો તેને 20% નફો મેળવવાનો હોય તો રૂા. 100માં કેટલી વસ્તુ આપવી જોઈએ ?

(A) 4 (B) 5

(C) 6 (D) 8

065. ક્રિકેટની મેચમાં એક ખેલાડીએ 3 ચોગ્ગા (4 runs) અને 6 છગ્ગા (Sixes) સાથે 150 રન કરેલ છે. આ સંજોગોમાં તેણે દોડીને કેટલા ટકા (%) રન લીધેલ હશે ?

(A) 32% (B) 48%

(C) 68% (D) 52%

066. આજે સોમવાર છે તો 68 દિવસ બાદ કયો વાર હશે ?

(A) શુક્રવાર (B) શનિવાર

(C) રવિવાર (D) સોમવાર

067. એક કુટુંબમાં દાદા અને દાદીની સરેરાશ ઉંમર 67 વર્ષ, પતિ અને પત્નીની સરેરાશ ઉંમર 40 વર્ષ છે અને બે બાળકોની સરેરાશ ઉંમર 13 વર્ષ છે. આ સંજોગોમાં કુટુંબની સરેરાશ ઉંમર કેટલી હશે ?

(A) 80 વર્ષ (B) 60 વર્ષ

(C) 40 વર્ષ (D) 30 વર્ષ

068. 397 x 397 = .......... - ખાલી જગ્યા પૂરો.

(A) 1,57,609 (B) 1,57,906

(C) 1,62,409 (D) 1,58,809

069. એક પ્રવાસી અડધો પ્રવાસ 21 કી.મી./કલાક અને બાકીનો પ્રવાસ 24 કી.મી./કલાકની ઝડપથી 10 કલાકમાં પૂર્ણ કરે છે. આ સંજોગોમાં કુલ અંતર કેટલું હશે ?

(A) 212 (B) 224

(C) 236 (D) 248

070. અ એક કામ 20 દિવસમાં, બ તે કામ 25 દિવસમાં પૂર્ણ કરે છે. બંને મળીને 10 દિવસ કામ કરે છે. આ સંજોગોમાં હવે કેટલું કામ બાકી હશે ?

(A) 3/10 (B) 2/10

(C) 1/10 (D) 4/10

071. લંબચોરસ બગીચાની લંબાઈ અને પહોળાઈ 5:3ના પ્રમાણમાં છે. એક સાયકલ સવાર 12 કી.મી/કલાકની ગતીથી તે બગીચાને 8 મીનીટમાં રાઉન્ડ મારી શકે છે. આ સંજોગોમાં બગીચાનું ક્ષેત્રફળ કેટલું હશે ?

(A) 1,40,000 ચો.મી. (B) 1,50,000 ચો.મી.

(C) 1,60,000 ચો.મી. (D) 2,00,000 ચો.મી.

072. A અને B પાસે મળીને 12,100 રૂા. છે. A ની રકમના 4/15 એ B ની રકમના 2/5 જેટલા થાય છે. તો B પાસે કેટલી રકમ હશે ?

(A) 6,800 (B) 7,260

(C) 4,840 (D) 7,800

073. 39 માણસો રોજ પાંચ કલાક કામ કરીને એક રોડ 12 દિવસમાં પૂર્ણ કરે છે. જો 30 માણસો રોજના 6 કલાક કામગીરી કરે તો કેટલા દિવસમાં રોડનું કામ પૂર્ણ થઈ શકે ?

(A) 11 (B) 12

(C) 13 (D) 14

074. સાયન્સ અને ટેકનોલૉજી મંત્રાલય (DST) દ્વારા રીવર વૉટર એન્ડ એયર ક્વૉલીટી મોનીટરીંગ સિસ્ટમ (River Water & Air Quality Monitoring System) ના અમલીકરણ માટે કઈ સંસ્થા સાથે કરાર કરેલ છે ?

(A) ઈન્ફોસીસ
(B) ઈન્ટેલ
(C) વિપ્રો
(D) રીલાયન્સ

075. રતન વાટલ (Ratan Watal) કમિટી દ્વારા પાતોનો આખરી અહેવાલ કઈ બાબતના સંદર્ભમાં આપેલ છે ?

(A) ડીજીટલ પેમેન્ટ (Digital Payment)
(B) બેંકોમાં થતી ભરતીની કામગીરી સરળ કરવી
(C) અનાજ અને કઠોળની માંગ અને પુરવઠા ઉપર ધ્યાન રાખવાની પદ્ધતિ
(D) સંરક્ષણ મંત્રાલયને વધારે કાર્યક્ષમ બનાવવા સૂચનો

076. રીસોર્સસેટ - 2A (Resourcesat - 2A) રીમોટ સેન્સીંગ સેટેલાઈટ કોના માધ્યમથી તરતો મૂકવામાં

(A) PSLV - C-33
(B) PSLV - C-36
(C) PSLV - C-35
(D) PSLV - C-37

077. ભારતમાં કઈ સંસ્થા / વિભાગ દ્વારા લકી ગ્રાહક યોજના (Lucy Grahak Yojana) અમલમાં મૂકવામાં આવેલી છે ?

(A) કોમર્સ અને ઉદ્યોગ મંત્રાલય
(B) નાણા મંત્રાલય
(C) આકર વિભાગ
(D) નીતિ આયોગ

078. પેરીસ પર્યાવરણ સમજુતી (Paris Climate Agreement) અંગે કયુ વાક્ય યોગ્ય નથી ?

(A) ભારત દ્વારા સમજુતીને બહાલી આપવામાં આવેલી છે.
(B) 197 પૈકી 94 સહભાગી દેશો / સંસ્થાઓ દ્વારા સહમતી આપવામાં આવેલ છે.
(C) વિશ્વમાં પર્યાવરણની સુરક્ષા, ગરમીમાં ઘટાડો જેવી બાબતો આ સમજુતીમાં સામેલ છે.
(D) આ સમજુતી હજુ સુધી અમલી બનેલ નથી.

079. એનીમોમીટર (Anemometer) કયા હેતુ માટે ઉપયોગમાં લેવાય છે ?

(A) અવાજની તિવ્રતા માપવા
(B) પવનની ઝડપ માપવા
(C) વાદળોની હિલચાલ માપવા
(D) વિજળીની તિવ્રતા માપવા

080. એન્ટમૉલોજી (Entomology) એ કયા વિષય સંબંધીત વિજ્ઞાન છે ?

(A) ચોક્કસ પ્રકારના વાતાવરણમાં માણસના વર્તનનું શાસ્ત્ર
(B) વૈજ્ઞાનિક વિચારસરણી
(C) પથ્થરોના ઉદ્ભવ અંગેનું જ્ઞાન
(D) કિટક સંબંધીત વિજ્ઞાન

081. સામાન્ય રીતે આરોગ્ય માટે નીચેના પૈકી કઈ વસ્તુને સફેદ ઝેર 'White Poison' કહે છે ?

(A) કેલ્શીયમ કાર્બોનેટ (Calcium Carbonate)
(B) બેકીંગ સોડા (Baking Soda)
(C) ખાંડ (Sugar)
(D) ડીટરજન્ટ (Detergent)

082. 'કાર્બન ક્રેડીટ'નો ખ્યાલ કઈ બેઠક બાદ / સમાધાન બાદ વધારે પ્રચલીત થયો છે ?

(A) અર્થ સમીટ (Rio-de Janeiro)
(B) G-8 સમીટ (Heiligendamm)
(C) મેટ્રીયલ પ્રોટોકોલ (Montereal Protocol)
(D) પ્રોટોકોલ (Kyoto Protocol)

083. વાહનોમાં ડ્રાયવરની સલામતી માટે એરબેગ (Airbag) રાખવામાં આવે છે. આ એરબેગમાં શું રાખવામાં આવે છે ?

(A) સોડીયમ એઝાઈડ (Sodium Azide)
(B) સોડીયમ બાયકાર્બોનેટ (Sodium Bicarbonate)
(C) સોડીયમ નાઈટ્રેટ (Sodium Nitrite)
(D) સોડીયમ પેરોક્સાઈડ (Sodium Paroxide)

084. "ત્રિનેત્ર એડવાન્સ સિસ્ટમ" (Trinetra Advance System) દ્વારા રેલવેતંત્ર કયું કાર્ય કરવા માગે છે ?

(A) ચાલુ ગાડીમાં ઈન્ટરનેટની સેવા આપવી.
(B) ટ્રેનોના મરામતની કાળજી માટે.
(C) ઑનલાઈન બુકીંગ કાર્યવાહી કરવા.
(D) ફરીયાદોનું સંકલન કરવા.

085. યુનાઈટેડ નેશનના હાલમાં નિયુક્ત થયેલ સેક્રેટરી જનરલ ગુટુરીઝ (Guterres) કયા દેશના વડાપ્રધાન હતા ?

(A) પોર્ટુગલ
(B) સીંગાપોર
(C) મલેશીયા
(D) ન્યુઝીલેન્ડ

086. "100 મીલીયન ફૉર 100 મીલીયન" (100 million for 100 million campaign) આ ઝુંબેશ કોણે શરૂ કરેલ છે ?

(A) નાણામંત્રી
(B) વડાપ્રધાન
(C) મા. ઉપરાષ્ટ્રપતિ
(D) મા. રાષ્ટ્રપતિ

087. ભારતમાં સૌ પ્રથમ એમફીબીયસ બસ પ્રોજેક્ટ (Amphibious Bus Project) કયા રાજ્યમાં શરૂ કરવામાં આવેલ છે ?

(A) હરીયાણા
(B) આંધ્રપ્રદેશ
(C) પંજાબ
(D) ઉત્તર પ્રદેશ

088. જાહેર વિતરણ સેવા (PDS)ને વધારે કાર્યક્ષમ બનાવવા તાતા ટ્રસ્ટ (TATA Trust) સાથે કઈ રાજ્ય સરકારે કરાર કરેલ છે ?

(A) મધ્ય પ્રદેશ
(B) રાજસ્થાન
(C) ઉત્તર પ્રદેશ
(D) મહારાષ્ટ્ર

089. દર વર્ષે હ્યુમન રાઈટ્સ ડે (Human Rights Day) ક્યારે ઉજવાય છે ?

(A) 8 ડીસેમ્બર
(B) 9 ડીસેમ્બર
(C) 10 ડીસેમ્બર
(D) 11 ડીસેમ્બર

090. દેશની કઈ લોકસભાની બેઠકના ગ્રામ્ય વિસ્તારના ક્ષેત્રમાં, સ્વાસ્થ્ય વીમા યોજના બધા માટે લાગુ પાડવામાં આવેલી છે ?

(A) વારાંગલ
(B) વિજયવાડા
(C) ઔરંગાબાદ
(D) રતલામ

091. 2016 "કબડ્ડી વર્લ્ડ કપની" ફાઈનલ મેચ કયા શહેરમાં આયોજીત કરેલ હતી ?

(A) કલકત્તા
(B) ચેન્નાઈ
(C) મુંબઈ
(D) અમદાવાદ

092. સને 2016નો ઇન્ટરનેશનલ પ્રેસ ફ્રીડમ ઍવોર્ડ નીચેના પૈકી કયા ભારતીયને આપવામાં આવેલ છે ?

(A) પ્રણવ રૉય
(B) માલીની સુબ્રમ્હણ્યમ
(C) પુનીત ટંડન
(D) સંજય બારૂ

093. સમપ્રીતિ - 2016 (Sampriti - 2016) એ શું છે ?

(A) ભારત અને શ્રીલંકા વચ્ચે નૌ-સેનાની સમૂહ કવાયત
(B) ભારત અને ચીન વચ્ચેની સૈન્યની કવાયત
(C) ભારત અને બાંગ્લાદેશની સેનાની સામૂહીક કસરત
(D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં

094. "ચારધામ હાઈવે પ્રોજેક્ટ" કયા રાજ્યમાં બનાવવામાં આવનાર છે ?

(A) ઝારખંડ
(B) ઉત્તરાખંડ
(C) સિક્કીમ
(D) બિહાર

095. એમનેસ્ટી ઇન્ટરનેશનલ (Amnesty international) એ શું છે ?

(A) દેશોના યુદ્ધમાં અસરગ્રસ્તોને મદદરૂપ થતી સંસ્થા
(B) માનવીય અધિકારોનું રક્ષણ કરતી સંસ્થા
(C) ગરીબ લોકોના સ્વાસ્થ્ય માટે કામ કરતી સંસ્થા
(D) અછતના સમયમાં મદદરૂપ થતી સંસ્થા

096. ધી સેન્ટ્રલ ફુડ ટેકનોલૉજીકલ રીસર્ચ ઈન્સ્ટીટ્યુટ (The Central Food Technological Research Institute) કોની દેખરેખ / કોના વહીવટી નિયંત્રણ હેઠળ કામ કરે છે ?

(A) કાઉન્સીલ ફોર સાયન્ટીફીક એન્ડ ઇન્ડસ્ટ્રીયલ રીસર્ચ
(B) ઇન્ડિયન કાઉન્સીલ ફોર અગ્રીકલ્ચર રીસર્ચ
(C) ઇન્ડીયન ઇન્સ્ટીટ્યુટ ઑફ સાયન્સ, એજ્યુકેશન એન્ડ રીસર્ચ
(D) ડીપાર્ટમેન્ટ ઓફ ફૂડ

097. કોમ્પીટીશન કમિશન ઓફ ઇન્ડિયા (CCI) સંદર્ભમાં નીચેના પૈકી કયુ વાક્ય / વાક્યો સાચાં છે ?

1. હરીફાઈ ટકાવી રાખે છે, પ્રોત્સાહન આપે છે.
2. એકત્રીકરણ, ટેકઓવર વગેરે ઉપર નિયંત્રણ રાખે છે.
3. હરીફાઈ બાબતે લોકજાગૃતિનું કામ કરે છે.

(A) માત્ર 1
(B) 1 અને 2
(C) 2 અને 3
(D) 1, 2 અને 3

098. રોટરી ઈન્ડીયા દ્વારા શાળાઓમાં 'વૉશ' (Wash) કાર્યક્રમ શરૂ કરેલ છે. તે કાર્યક્રમમાં કઈ બાબતોનો સમાવેશ થાય છે. ?

(A) પાણી, સ્વચ્છતા અને આરોગ્ય રક્ષણ
(B) કચરાનું વિભાજન અને તેનો યોગ્ય ઉપયોગ
(C) પર્યાવરણ માટે શિક્ષકોને તાલીમ
(D) બાળકોની રૂચીમાં હકારાત્મક પરિવર્તન

099. હાલમાં કયા રાજ્ય દ્વારા મેડીકલ હોસ્પીટલો, દવાખાના વગેરે દ્વારા મેડીકલ ક્ષેત્રમાં નિષ્કાળજી અને ભ્રષ્ટ કાર્યવાહી માટે કડક પગલાની કાયદામાં જોગવાઈ કરવામાં આવેલી છે ?

(A) કેરલા
(B) મધ્ય પ્રદેશ
(C) પશ્ચિમ બંગાળ
(D) રાજસ્થાન

100. વુમનોમિક્સ (Womenomics) મુજબ રોજગારીની તકો સ્ત્રીઓને વધારે પ્રમાણમાં મળે તે માટે કયા દેશમાં ખાસ પ્રયત્નો કરવામાં આવે છે ?

(A) ભારત
(B) જાપાન
(C) જર્મની
(D) નોર્વે

101. એન.સી.એલ.પી. એટલે શું ?

(A) નેશનલ ચાઈલ્ડ લેબર પ્રોગ્રામ
(B) નેશનલ ચાઈલ્ડ લેબર પોલીસી
(C) નેશનલ ચાઈલ્ડ લેબર પ્રોહિબિશન પોલીસી
(D) નેશનલ ચાઈલ્ડ લેબર પ્રોજેક્ટ

102. બીજા રાષ્ટ્રીય શ્રમ આયોગને નીચેના પૈકી કયા વિષય પર ભલામણ કરવાનું સુચવવામાં આવેલ ?

(A) સંગઠિત ક્ષેત્રને લગતા પ્રવર્તમાન શ્રમ કાયદાઓનું અમલીકરણ
(B) હાયપર અને ફાયરની શ્રમ કાયદા અંતર્ગતની જોગવાઈઓની સમીક્ષા
(C) સ્ત્રી અને બાળ શ્રમઆયોગને લગતા કાયદામાં સુધારો કરવો
(D) શ્રમિકોના કૌશલ્ય વિકાસ માટેની ભલામણ

103. "શ્રમ વિષય ભારતના બંધારણમાં કઈ યાદીમાં સમાવિષ્ય કરેલ છે.

(A) સ્ટેટ લીસ્ટ
(B) કરંટ લીસ્ટ
(C) યુનીયન લીસ્ટ
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહિ

104. લઘુત્તમ વેતનધારો 1948નો ઉદ્દેશ શું હોઈ શકે ?

(A) કામદારોનું શોષણ અટકાવવાનો
(B) માલિકનું શોષણ અટકાવવાનો
(C) વ્યવસ્થા જાળવવાનો
(D) એકપણ નહિં

105. લઘુત્તમ વેતન અધિનિયમ, 1948અન્વયે લઘુત્તમ વેતનમાં નક્કી કરેલ વેતનથી ઓછા દરે લેવાનો કરાર ..... ગણાશે

(A) યથાર્થ

(B) વ્યર્થ જાય

(C) વ્યર્થ

(D) કાયદેસરનો

106. હાલમાં ગુજરાતમાં એન.સી.એલ.પી. હેઠળ કેટલા જીલ્લાઓમાં ખાસ શાળાઓ ભારત સરકારે મંજૂર કરેલ છે ?

(A) 12 જીલ્લામાં

(B) 9 જીલ્લામાં

(C) 3 જીલ્લામાં

(D) 21 જીલ્લામાં

107. આઈ.એલ.ઓ.ની સ્થાપના કઈ સાલમાં થઈ ? અને તેનું વડું મથક ક્યાં આવેલું છે ?

(A) સને 1921,ન્યુયોર્ક

(B) સને 1919, જીનીવા

(C) સને 1932, સ્વર્ઝરલેન્ડ

(D) સને 1990 રશીયા

108. રાષ્ટ્રીય કક્ષાની ત્રિપક્ષીય મસલતી સમિતિઓમાં નીચે પૈકી કોનો સમાવેશ થતો નથી ?

(A) શ્રમયોગી મંડળો

(B) શ્રમખાતાનાં રાજ્યોના પ્રતિનિધિઓ

(C) માલિક મંડળો

(D) શ્રમ અદાલત, ઔધોગિક ન્યાયપંચના ન્યાયાધિશો

109. બીજા રાષ્ટ્રીય શ્રમ આયોગનાં અધ્યક્ષ કોણ હતા ?

(A) શ્રી રવિન્દ્ર વર્મા

(B) શ્રી હસમુખભાઈ દવે

(C) શ્રી ગજેન્દ્ર ગડકર

(D) સુ.શ્રી ઈલાબેન ભટ્ટ

110. પગાર ચુકવણી અધિનિયમ, 1936 અન્વયે પગારમાંથી માલિક કુલ દેડ ...... થી વધુ કપાત કરી શકશે નહિં

(A) પગાર ના છ ટકા

(B) પગારના પાંચ ટકા

(C) પગારના ત્રણ ટકા

(D) પગારના બે ટકા

111. પગાર ચુકવણી અધિનિયમ, 1936 નીચે પૈકી કઈ સંસ્થાને લાગુ પડશે નહીં ?

(A) ટ્રામવે

(B) હવાઈ સેવા

(C) કો.ઓપરેટીવ સોસાયટી

(D) બંદર - જેટ્ટી

112. રાષ્ટ્રના કુલ શ્રમવર્ગનો અંદાજીત કેટલા ટકા શ્રમવર્ગ અસંગઠીતક્ષેત્ર સાછે સંકળાયેલ છે.

(A) 82.8 ટકા

(B) 91 ટકા

(C) 93 ટકા

(D) 72 ટકા

113. તાજેતરમાં જાન્યુઆરી 2017માં સંપન્ન થયેલ વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમીટ ક્યાં યોજવામાં આવેલ અને કેટલી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમીટ આજ દિન સુધીમાં યોજવામાં આવેલ છે.

(A) મહાત્મા ગાંધી શ્રમ સંસ્થાન, 7

(B) મહાત્મા ગાંધી આશ્રમ, 8

(C) મહાત્મા મંદિર, 8

(D) ઉપરોક્ત પૈકી કોઈ નહિં

114. ભારતના બંધારણના કયા અનુચ્છેદ હેઠળ બાળ શ્રમયોગીઓને કારખાનાં તેમજ જોખમી વ્યવસાય પ્રક્રિયામાં કામે રાખવા પર પ્રતિબંધ ફરમાવેલ છે.

(A) અનુચ્છેદ - 24
(B) અનુચ્છેદ - 23
(C) અનુચ્છેદ - 21
(D) અનુચ્છેદ - 14

115. શ્રમિકોના કૌશલ્ય વિકાસ માટે રાજ્ય સરકારનો કયો વિભાગ કાર્યરત છે ?

(A) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
(B) કૌશલ્ય તાલિમ વિભાગ
(C) શ્રમ અને રોજગાર વિભાગ
(D) એડમિનિસ્ટ્રેટીવ રીફોર્મ્સ એન્ડ ટ્રેઈનિંગ વિભાગ

116. માહિતિનો અધિકાર અધિનિયમ - 2005 અન્વયે રાજ્યનાં મુખ્યય માહિતિ કમિશનરની નિમણૂંક કોણ કરે છે ?

(A) રાજ્યપાલ
(B) રાષ્ટ્રપતિ
(C) મુખ્યમંત્રી
(D) અધ્યક્ષ - વિધાનસભા

117. બોનસ ચૂકવણી અધિનિયમ, 1935 અન્વયે કામદારની વ્યાખ્યામાં સમાવેશ થશે નહિં ?

(A) બિન-કુશળ કામદાર
(B) દેખરેખનું કામ કરનાર
(C) એપ્રેન્ટ્રીશ
(D) કારકુની કામ કરનાર

118. માહિતિ મેળવવાના અધિકાર અધિનિયમ 2005 હેઠળ માહિતી મેળવવા માટેની અરજીનો સામાન્ય સંજોગોમાં કેટલા દિવસમાં નિકાલ કરવાનો રહે છે.

(A) 15 દિવસમાં
(B) 90 દિવસમાં
(C) 30 દિવસમાં
(D) 10 દિવસમાં

119. લઘુત્તમ વેતન અધિનિયમ, 1948 અન્વયે સામાન્ય સંજોગોમાં લઘુત્તમ વેતન કેટલા વર્ષે રીવાઈઝ્ડ કરવાની જોગવાઈ છે.

(A) બે વર્ષે
(B) છ મહિને
(C) પાંચ વર્ષે
(D) ત્રણ વર્ષે

120. ધી લેબર લોઝ (ગુજરાત એમેન્ડમેન્ટ) એક્ટ, 2015 અન્વયે લઘુત્તમ વેતન અધિનિયમ, 1948માં માલિકની વ્યાખ્યામાં શું સુધારો કરવામાં આવેલ છે ?

(A) "આઉટ સોર્સીંગ એજન્સી" ઉમેરવામાં આવેલ છે
(B) "કોન્ટ્રાક્ટર" શબ્દ ઉમેરવામાં આવેલ છે
(C) "મુખ્ય માલિક" શબ્દ દૂર કરવામાં આવેલ છે.
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહિં

121. ગ્રેજ્યુટી ચૂકવણી અધિનિયમ, 1972 કોને લાગુ પડશે નહિં ?

(A) 100 થી ઓછા કામદારવાળી સંસ્થાને
(B) 50 થી ઓછા કામદારવાળી સંસ્થાને
(C) 30 થી ઓછા કામદારાવાળી સંસ્થાને
(D) 10 થી ઓછા કામદારવાળી સંસ્થાને

122. ધી લેબર લોઝ (ગુજરાત એમેન્ડમેન્ટ) એક્ટ 2015 અન્વયે લઘુત્તમ વેતન અધિનિયમ 1948 ની કલમ - 22'એ' માં દંડની જોગવાઈ કેટલા સુધીની કરવામાં આવેલ છે ?

(A) રૂ. 15,000-00
(B) રૂ. 10,000-00
(C) રૂ. 21,000-00
(D) રૂ. 50,000-00

123. ગ્રેચ્યુટી ચુકવણી અધિનિયમ, 1972 અન્વયે કેટવા વર્ષની સળંગ નોકરી કર્યા પછી કામદાર, ગ્રેચ્યુટી મેળવવા હક્કદાર બનશે ?

(A) 1 વર્ષ
(B) બે વર્ષ
(C) ત્રણ વર્ષ
(D) પાંચ વર્ષ

124. લઘુત્તમ વેતન અધિનિયમ 1948 હેઠળ વેતનની ચૂકવણી કે વણ ચુકવાયેલ વેતન માટે રીકવરી આ અધિનિયમની કઈ કલમ હેઠળ કરી શકાય ?

(A) કલમ - 8
(B) કલમ - 20
(C) કલમ - 14
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહિં.

125. લઘુત્તમ વેતન અધિનિયમ 1948ની જોગવાઈઓના ભંગ અંગેનો કેઈસ કઈ અદાલતમાં દાખલ કરવામાં આવે છે ?

(A) મજુર અદાલત
(B) ઔદ્યોગિક અદાલત
(C) મેટ્રોપોલીટન / જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ અદાલત
(D) વડી અદાલત

126. ગુજરાત ઔદ્યોગિક સંબંધોનો અધિનિયમ, 1946 અન્વયે સંઘની નોંધણી જો રદ થી હોય તો ફરી નોંધણી રદ થયાના કેટલા માસ પછી કરી શકાશે ?

(A) છ માસ
(B) ચાર માસ
(C) એક માસ
(D) ત્રણ માસ

127. પગાર ચુકવણી અધિનિયમ 1936 હેઠળ "પગાર"ની વ્યાખ્યામાં નીચે પૈકી કોનો સમાવેશ થતો નથી ?

(A) રજાના દિવસોમાં કરેલ કામનું મહેનતાણું
(B) ઓવર ટાઈમનો પગાર
(C) કાર્યક્ષમતા બદલનું વધારાનું મહેનતાણું
(D) મુસાફરી ભથ્થું

128. ગુજરાત ઔદ્યોગિક સંબંધક અધિનિયમ 1946 નીચે દર્શાવેલ પૈકી કયા ઉદ્યોગને લાગુ પડતો નથી ?

(A) એન્જીનિયરીંગ ઉદ્યોગ
(B) કેમિકલ ઉદ્યોગ
(C) પ્લાસ્ટિક ઉદ્યોગ
(D) ઉપરોક્ત તમામ ઉદ્યોગોને

129. ગુજરાત ઔદ્યોગિક સંબંધક અધિનિયમ 1946 હેઠળ નીચેના પૈકી કયો સંઘ (યુનીયન) સૌથી શક્તિશાળી સંઘ છે.

(A) પ્રતિનિધિત્વ ધરાવોતો સંઘ
(B) લાયકાત ધરાવતો સંઘ
(C) માન્ય કરેલ સંઘ
(D) પ્રાથમિક સંઘ

130. ગુજરાત ઔદ્યોગિત સંબધક અધિનિયમ 1946 હેઠળ સંઘ (યુનિયન)ની નોંધણી રદ કરેલ હોય ત્યારે I બાબતને કઈ અદાલતમાં અપીલનાં માધ્યમથી પડકારી શકાય ?

(A) મજુર અદાલત
(B) વડી અદાલત
(C) ઔદ્યોગિક અદાલત
(D) ઔદ્યોગિક ન્યાયપંચ

131. ગુજરાત ઔદ્યોગિક સંબધક અધિનિયમ 1946 હેઠળ સંઘ (યુનીયન)ની નોંધણી કોણ રદ કરી શકે છે ?

(A) મજુર કમીશનર
(B) રજીસ્ટ્રાર
(C) મજુર અધિકારી
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહિં.

132. ગુજરાત ઔદ્યોગિક સંબંધોનો અધિનિયમ, 1946 નીચે પૈકી કયા ઉદ્યોગોને લાગુ પડતો નથી ?

(A) ખાંડ ઉદ્યોગ
(B) ગુજરાત બહાર શાખા ધરાવતી સહકારી બેંકો
(C) વીજળી કંપની
(D) સ્ટેપલ ફાઈબર ઉદ્યોગ

133. ઔદ્યોગિક તકરાર અધિનિયમ 1947 અન્વયે લવાદી ફેંસલા સહિતનો ફેંસલો કલમ 17 - એ હેઠળ પ્રસિધ્ધ થયા બાદ ....... દિવસ પછી અમલ કરાવવા યોગ્ય બનશે.

(A) 30 દિવસ
(B) 15 દિવસ
(C) 60 દિવસ
(D) 45 દિવસ

134. બોનસ ચુકવણી અધિનિયમ 1965 હેઠળ બોનસ મેળવવા પાત્ર કામદારો / કર્મચારીઓની પગાર મર્યાદા (માસિક) નીચે પૈકી કઈ છે ?

(A) રૂ. 15000-00
(B) રૂ. 10000-00
(C) રૂ. 21000-00
(D) રૂ. 19000-00

135. બોનસ ચુકવણી અધિનિયમ 1965 હેઠળ બોનસની ગણતરીની મર્યાદા નીચે પૈકી કઈ રકમ ઉપર કરવામાં આવે છે ?

(A) રૂ. 7000-00
(B) રૂ. 3500-00
(C) રૂ. 10000-00
(D) રૂ. 9000-00

136. ઔદ્યોગિક તકરારના કાયદાનો મુખ્ય ઉદ્દેશ શું છે ?

(A) ઔદ્યોગિક શાંતિ
(B) સામાજિક શાંતિ
(C) પર્યાવરણ સુરક્ષા
(D) કામદાર કલ્યાણ

137. બોનસ ચુકવણી અધિનિયમ 1965 હેઠળ સામાન્ય સંજોગોમાં નવા ઉદ્યોગકારને ઉદ્યોગ શરૂ કર્યાથી કેટલા વર્ષ સુધી આ અધિનિયમની જોગવાઈમાંથી મુક્તિ મળે છે ?

(A) શરૂ કર્યાથી ત્રણ વર્ષ
(B) શરૂ કર્યાથી પાંચ વર્ષ
(C) શરૂ કર્યાથી એક વર્ષ
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહિં.

138. બોનસ ચુકવણી અધિનિયમ 1965 હેઠળ નાણાંકીય વર્ષ પુરૂ થયા બાદ કેટલા સમયમાં કામદારો / કર્મચારીઓને બોનસ ચુકવવું જોઈએ ?

(A) નાણાંકીય વર્ષ પુરૂ થયાના છ માસમાં
(B) નાણાંકીય વર્ષ પુરૂ થયાના આઠ માસમાં
(C) નાણાંકીય વર્ષ પુરૂ થયાના ત્રણ માસમાં
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહિં

139. ઔદ્યોગિક રોજગાર (સ્થાયી હુકમો) અધિનિયમ 1946 અન્વયે આ કાયદો લાગુ પડે તે સંસ્થાએ કટેલા માસમાં સ્થાયી નિયમોનો મુસદો ઘડી પ્રમાણિત અધિકારીને મોકલવાનો રહેશે ?

(A) ત્રણ માસમાં
(B) છ માસમાં
(C) નવ માસમાં
(D) ચાર માસમાં

140. બોનસ ચુકવણી અધિનિયમ 1965ની જોગવાઈ મુજબ બોનસ મળવાપાત્ર કામદાર / કર્મચારીએ ઓછામાં ઓછા કેટલા દિવસો જે તે વર્ષમાં કામ કરેલ હોવું જરૂરી છે ?

(A) 90 દિવસ
(B) 120 દિવસ
(C) 60 દિવસ
(D) 30 દિવસ

141. ગ્રેચ્યુટી ચુકવણી અધિનિયમ, 1972 હેઠળ રાજ્યમાં કંટ્રોલીંગ ઓર્થોરીટી તરીકે કોણ ફરજ બજાવે છે ?

(A) શ્રમ નિયામક
(B) મદદનીશ શ્રમ આયુક્ત
(C) મદદનીશ સરકારી શ્રમ અધિકારી
(D) સરકારી શ્રમ અધિકારી

142. કામદાર સંઘોના અધિનિયમ 1926 અન્વયે કામદાર સંઘના ....... સભ્યો કામદાર સંઘના નિયમોમાં સહી કરીને અને નોંધણી સંબંધના આ કાયદાની જોગવાઈઓનું પાલન કરીને, આ કાયદા અન્વયે કામદાર સંઘની નોંધણી માટે અરજી કરી શકે.

(A) સાત કે તેથી વધુ
(B) દશ કે તેથી વધુ
(C) દશ ટકા કે તેથી વધુ
(D) વીસ કે તેથી વધુ

143. ગ્રેચ્યુટી ચુકવણી અધિનિયમ 1972 હેઠળ કન્ટ્રોલિંગ ઓર્થોરીટીએ આપેલ હુકમને નીચે પૈકી કયા સત્તાધીશ સમક્ષ પડકારી શકાય છે ?

(A) મજુર અદાલત
(B) ઔદ્યોગિક ન્યાયપંચ
(C) અધિક શ્રમ આયુક્ત
(D) નાયબ શ્રમ આયુક્ત

144. ગુજરાત દુકાન અને સંસ્થા અધિનિયમ 1948 અન્વયે સંસ્થા બંધ થયાના ...... દિવસમાં ઈન્સપેક્ટરને લેખિત જાણ કરવાની રહેશે.

(A) 30 દિવસ
(B) 10 દિવસ
(C) 15 દિવસ
(D) 7 દિવસ

145. ગુજરાત દુકાન અને સંસ્થા અધિનિયમ 1948 અન્વયે કોઈ નોકરને કોઈ દુકાન અથવા વેપારી સંસ્થાના કોઈપણ દિવસે ........ કલાકથી વધારે અને અઠવાડીયામાં ..... કલાકથી વધારે કામ કરવાની ફરજ પાડી શકાય નહિં.

(A) સાત કલાક અને અડતાલીસ કલાક
(B) નવ કલાક અને ચોવીસ કલાક
(C) નવ કલાક અને બેતાલીસ કલાક
(D) નવ કલાક અને અડતાલીસ કલાક

146. ગ્રેચ્યુટી ચુકવણી અધિનિયમ 1972ની જોગવાઈનો ભંગનો કેઈસ નીચે પૈકી કઈ અદાલતમાં દાખલ કરવામાં આવે છે ?

(A) મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ અથવા જ્યુડીશીયલ સ્ટેટ ફસ્ટ ક્લાસ

(B) મજુર અદાલત

(C) ઔદ્યોગિ અદાલત

(D) ઔદ્યોગિક ન્યાયપંચ

147. લેબર લોઝ (ગુજરાત એમેન્ડમેન્ટ) એક્ટ, 2015 અન્વયે ઔદ્યોગિક વિવાદ અધિનિયમ 1947 હેઠળ કોઈ સંસ્થા "જાહેર ઉપયોગી સેવા" તરીકે જાહેર અરજી કરે, તો સૌ પ્રથમ વખતે કેટલા સમય માટે રાજ્ય સરકાર આવી સંસ્થાને જાહેર ઉપયોગી સેવા તરીકે જાહેર કરી શકે છે ?

(A) છ માસ માટે
(B) એક વર્ષ માટે
(C) બે વર્ષ માટે
(D) ત્રણ માસ માટે

148. ફેક્ટરીઝ એક્ટ, 1948 અન્વયે જગા મુલ્યાંકન સમિતિના અધ્યક્ષ પદે ............ રહેશે.

(A) લેબર કમીશનર
(B) કેન્દ્રીય પ્રદૂષણ બોર્ડના પ્રિતિનિધિ
(C) ચીફ ઈન્સપેક્ટર
(D) રાજ્ય પર્યાવરણ વિભાગના પ્રતિનિધિ

149. ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, 1947 હેઠળ રાજ્યમાં સમાધાન અધિકારી તરીકે કોણ ફરજ બજાવે છે ?

(A) મદદનીશ સરકારી શ્રમ અધિકારી
(B) મદદનીશ શ્રમ આયુક્ત
(C) મજુર અદાલતના ન્યાયાધીશ
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહિં.

150. ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, 1947 અન્વયે મજુર અધાલતે આપેલા હુકમને શું કહેવાય છે ?

(A) ચુકાદો
(B) દફતરી હુકમ
(C) ફેંસલો
(D) એવોર્ડ

151. ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, 1947 અન્વયે "જાહેર ઉપયોગી સેવા"માં નોકરીમાં રહેલ કોઈ કામદાર કેટલા દિવસની નોટીસ આપ્યા બાદ હડતાલ પર જઈ શકશે ?

(A) સાત દિવસ
(B) દશ દિવસ
(C) ચૌદ દિવસ
(D) ત્રીસ દિવસ

152. ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, 1947ની કલમ - 17 હેઠળ "એવોર્ડ" પ્રસિદ્ધ થયા બાદ કેટલા દિવસ પછી અમલ કરાવવા યોગ્ય બનશે ?

(A) ત્રીસ દિવસ
(B) પંદર દિવસ
(C) નેવું દિવસ
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહિં.

153. ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, 1947 "ફેરફારની નોટીસ" કયા પરિશિષ્ટમાં નિર્દિષ્ટ કરેલ બાબતો આપવી જરૂરી છે ?

(A) ત્રીજુ પરિશિષ્ટ
(B) ચોથું પરિશિષ્ટ
(C) બીજું પરિશિષ્ટ
(D) પહેલું પરિશિષ્ટ

154. ફેક્ટરીઝ એક્ટ, 1948 અન્વયે પુખ્ત વયના કોઈ કામદારે કોઈ કારખાનામાં કોઈ અઠવાડિયામાં કેટલા કલાકથી વધારે કામ કરવાનું ફરમાવી શકાશે નહિં.

(A) 24 કલાક
(B) 36 કલાક
(C) 42 કલાક
(D) 48 કલાક

155. ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, 1947 ના પ્રકરણ - 5-બીની જોગવાઈઓ નચી પૈકી કઈ ઔદ્યોગિક સંસ્થાને લાગુ પડે છે ?

(A) 100 કે તેથી વધુ કામદારોને કામે રાખતી ઔદ્યોગિક સંસ્થા

(B) 50 કે તેથી વધુ કામદારોને કામે રાખતી ઔદ્યોગિક સંસ્થા

(C) 300 કે તેથી વધુ કામદારોને કામે રાખતી ઔદ્યોગિક સંસ્થા

(D) ઉપરોક્ત પૈકી કોઈ નહિં

156. ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, 1947 અન્વયે સ્પેશીયલ ઈકોનોમિક ઝોનમાં આવેલા ઔદ્યોગિક એકમમાં કામ કરતાં કામદારને છટણી સમયે સળંગ નોકરીના પુરા થતાં દરેક વર્ષદીઠ કુલ કેટલા દિવસનું વળતર ચુકવવું જોઈએ ?

(A) 15 દિવસ

(B) 60 દિવસ

(C) 45 દિવસ

(D) 30 દિવસ

157. ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, 1947 અન્વયેની કલમ - 25-ઓ મુજબ પૂર્વ મંજૂરી માટે ઓછામાં ઓછી કેટલા દિવસ ની નોટીસ નિયત રીતે ઉચીત સરકારને બજાવવી જોઈએ

(A) 90 દિવસ

(B) 60 દિવસ

(C) 30 દિવસ

(D) 120 દિવસ

158. ફેક્ટરીઝ એક્ટ, 1948 અન્વયે ........ સ્ત્રી કામદાર કામ કરતી હોય તેવા દરેક કારખાનામાં ઘોડિયા ઘર રાખવાનું રહેશે.

(A) 10 કે તેથી વધુ

(B) 20 કે તેથી વધુ

(C) 30 કે તેથી વધુ

(D) 60 કે તેથી વધુ

159. કારખાનાઓનો કાયદો, 1948 અન્વયે કેટલા કામદારો નોકરીમાં હોય તો ‘‘કલ્યાણ અધિકારી’’ની સેવા જરૂરી છે ?

(A) 100

(B) 300

(C) 250

(D) 500

160. કારખાનાનો કાયદો 1948ની જોગવાઈઓ અનુસાર શિશુગૃહમાં કેટલા વર્ષથી નાના બાળકોને લાવી શકાય ?

(A) 10 વર્ષ

(B) 3 વર્ષ

(C) 6 વર્ષ

(D) 13 વર્ષ

161. કારખાનાનો કાયદો 1948 અન્વયે પુખ્તવયનાં કામદારને અઠવાડિયામાં કુલ કેટલા કલાક કરતાં વધારે કામ કરવાની ફરજ પાડવામાં આવશે નહિં.

(A) 40 કલાક

(B) 42 કલાક

(C) 48 કલાક

(D) 50 કલાક

162. કોન્ટ્રેક્ટ લેબર (રેગ્યુલેશન એન્ડ એબોલીશન) એક્ટ, 1970 હેઠળ કોન્ટ્રાક્ટરે કેટલા કામદારો કામે રાખેલ હોય ત્યારે લાયસન્સ લેવું જરૂરી છે ?

(A) 10 કામદારો

(B) 50 કામદારો

(C) 20 કામદારો

(D) 100 કામદારો

163. કોન્ટ્રેક્ટ લેબર (રેગ્યુલેશન એન્ડ એબોલીશન) એક્ટ, 1970 અન્વયે રાજ્યમાં "નોંધણી અધિકારી" તરીકે કોણ ફરજ બજાવે છે ?

(A) સરકારી શ્રમ અધિકારી
(B) મદદનીશ સરકારી શ્રમ અધિકારી
**(C)** મદદનીશ શ્રમ આયુક્ત
(D) નાયબ શ્રમ આયુક્ત

164. કોન્ટ્રેક્ટ લેબર (રેગ્યુલેશન એન્ડ એબોલીશન) એક્ટ, 1970 અન્વયે કોઈપણ મુખ્ય માલિકે ખોટી રીતે નોંધણી પ્રમાણપત્ર મેળવેલ છે તો તેને રદ કરવાની સત્તા કોને છે ?

**(A)** સમુચિત સરકારને
(B) શ્રમ આયુક્તને
(C) શ્રમ અધિકારીને
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહિં.

165. કર્મચારી વળતર અધિનિયમ, 1923 અન્વયે આયુક્તના આદેશ વિરૂદ્ધ ....... સમક્ષ અપીલ લાવી શકાશે ?

(A) લેબર કોર્ટ
(B) દિવાની કોર્ટ
(C) જીલ્લા કોર્ટ
**(D)** હાઈકોર્ટ

166. કોન્ટ્રેક્ટ લેબર (રેગ્યુલેશન એબોલીશન)એક્ટ-1970 હેઠળ હાલમાં કોન્ટ્રાક્ટરે લાયસન્સની અરજી સાથે પ્રતિ કામદાર કેટલી સીક્યોરીટી ડીપોઝીટ ભરવી જરૂરી છે ?

(A) રૂ. 500-00
(B) રૂ. 300-00
(C) રૂ. 150-00
**(D)** રૂ. 270-00

167. કોન્ટ્રેક્ટ લેબર (રેગ્યુલેશન એન્ડ એબોલીશન) એક્ટ - 1970 અન્વયે કોઈપણ પ્રક્રિયામાં કામે રાખેલ કોન્ટ્રાક્ટ કામદારોની કામગીરી કાયમી પ્રકારની છે કે કેમ ? તે અંગે રાજ્ય સરકારને કોણ ભલામણ કરે છે ?

(A) સરકારી શ્રમ અધિકારી
**(B)** સ્ટેટ એડવાઈઝરી કોન્ટ્રેક્ટ લેબર
(C) સેન્ટ્રલ એડવાઈઝરી કોન્ટ્રેક્ટ લેબર બોર્ડ
(D) સ્ટેટ કોન્ટ્રેક્ટ લેબર એડવાઈઝરી બોર્ડ

168. કર્મચારી વળતર અધિનિયમ, 1923 અન્વયે "વળતર"ની રકમ આપવા માલિકની જવાબકારી ક્યારે ઠરશે નહિં ?

(A) અકસ્માત સમયે કર્મચારી ઘરેથી નોકરી જવા નીકળે ત્યારે
**(B)** ઈજા ત્રણ દિવસથી ઓછા સમયની હોય
(C) વ્યાવસાયિક રોગ
(D) માનસિક ઈજા

169. બોન્ડેડ લેબર (નાબૂદી) અધિનિયમ, 1976 હેઠળ આ કાયદાના અસરકારક અમલ માટે કઈ કમીટીની રચના કરવાની જોગવાઈ છે ?

(A) ટાસ્ક ફોર્સ ફોર બોન્ડેડ લેબર એબોલીશન
(B) મોનીટરીંગ કમીટી ફોર બોન્ડેડ લેબલ એબોલીશન
**(C)** વીજીલન્સ કમીટી
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહિં

170. પગાર ચુકવણી ધારા, 1936 અન્વયે કોઈ સંસ્થામાં 100 ઓછા કામદારો કામ કરતાં હોય તો માસિક પગાર બીજા માસની કઈ તારીખ સુધીમાં (પહેલાં) ચુકવવો જોઈએ ?

(A) પાંચ તારીખ
(B) દશ તારીખ
**(C)** સાત તારીખ
(D) નવ તારીખ

171. લઘુત્તમ વેતન કરતાં ઓછું વેતન મળતું હોય તો તેવા પ્રસંગે વધુમાં વધુ કેટલું વળતર ચુકવવાનો હુકમ થઈ શકે ?

(A) બે ગણું
(B) દશ ગણું
(C) પાંચ ગણું
(D) ત્રણ ગણું

172. કામદાર રાજ્ય વીમા અધિનિયમ, 1948 હેઠળ માલિકે તેના ફાળાની કેટલી રકમ ભરવી જરૂરી છે ?

(A) 1.75 ટકા
(B) 4.75 ટકા
(C) 3.25 ટકા
(D) 2.25 ટકા

173. કામદાર રાજ્ય વીમા અધિનિયમ, 1948 હેઠળ કામદારે તેના ફાળાની કેટલી રકમ ભરવી જરૂરી છે ?

(A) 1.75 ટકા
(B) 4.25 ટકા
(C) 3.00 ટકા
(D) 2.00 ટકા

174. પ્રસુતિ લાભ અધિનિયમ, 1961 અન્વયે ટ્યુબેકટોમીના ઓપરેશન માટે કેટલા અઠવાડિયાની પગાર સાથેની રજા મેળવવા સ્ત્રી કામદાર હક્કદાર બનશે ?

(A) 4 અઠવાડિયા
(B) 3 અઠવાડિયા
(C) 2 અઠવાડિયા
(D) એક અઠવાડિયા

175. પ્રોવિડન્ડ ફંડ અધિનિયમ, 1952માં એમ્પલોયીઝ પેન્શન સ્કીમ કયા વર્ષથી અમલમાં આવી ?

(A) વર્ષ 1995 થી
(B) વર્ષ 1988 થી
(C) વર્ષ 1983 થી
(D) વર્ષ 1990 થી

176. કોન્ટ્રેકટ મજુર (નિયમન અને નાબૂદી) અધિનિયમ, 1970 અન્વયે કોન્ટ્રાક્ટરને આપવામાં આવેલું લાઈસન્સ કેટલા સમય માટે વેલીડ રહેશે ?

(A) 3 માસ
(B) 6 માસ
(C) 12 માસ
(D) બે વર્ષ

177. માલિકો પાસેથી લેણી નીકળતી પ્રોવીડન્ડ ફંડની રકમના નિર્ણય બાબતે તપાસ કઈ કલમની જોગવાઈ હેઠળ કરી શકાય ?

(A) કલમ - 8
(B) કલમ - 6
(C) કલમ - 7 -એ
(D) કલમ - 7

178. કર્મચારી પ્રોવિડન્ડ ફંડ 1952 અન્વયે માલિક અધિનિયમ અન્વયેનો ભરવાપાત્ર ફાળો ન ભરે અથવા એકત્ર રકમ ટ્રાન્સફર ન કરે તો નુકશાની વળતર કોણ વસુલ કરી શકે ?

(A) પ્રોવિડન્ડ ફંડ કમિશનર
(B) ટ્રીબ્યુનલ
(C) બોર્ડ ઓફ ટ્રસ્ટીઝ
(D) એક્ઝીક્યુટીવ કમિટી

179. કર્મચારી પ્રોવિડન્ડ ફંડ અધિનિયમ 1952 કઈ સંસ્થાને લાગુ પડે છે ?

(A) પરિશિષ્ટ - 1 માં નિર્દેશિત સંસ્થા જેમાં દશથી વધુ કામદારો કામ કરતા હોય
(B) પરિશિષ્ટ - 2 માં નિર્દેશિત સંસ્થા જેમાં વીસથી વધુ કામદારો કામ કરતા હોય
(C) પરિશિષ્ટ - 1 માં નિર્દેશિત સંસ્થા જેમાં વીસથી વધુ કામદારો કામ કરતા હોય
(D) પરિશિષ્ટ - 2 માં નિર્દેશિત સંસ્થા જેમાં દસથી વધુ કામદારો કામ કરતા હોય

180. કર્મચારી રાજ્ય વીમા અધિનિયમ, 1948 અન્વયે કામદાર વીમા અદાલતની રચના ........ કરશે.

(A) રાજ્ય સરકાર (B) કેન્દ્ર સરકાર

(C) કામદાર રાજ્ય વિમા નિગમ (D) રાજ્યની વડી અડાલત

181. કામદાર વળતર અધિનિયમ, 1923 અન્વયે નીચે પૈકી કયા સંજોગોમાં કામદાર વળતર માટે હક્કદાર થતો નથી.

(A) અકસ્માત સમયે કામદારે કેફી દ્રવ્યની અસર હેઠળ હોય

(B) જાણી બુઝીને સલામતીનાં સાધનોની અવગણના કરેલ હોય

(C) માલિકની સલામતી સંબંધી સ્પષ્ટ સુચનાઓ/હુકમોનો અનાદર કરેલ હોય

(D) ઉપરોક્ત તમામ સંજોગો

182. કર્મચારી રાજ્ય વિમા અધિનિયમ, 1948 અન્વયે કામદાર રાજ્ય વિમા નિગમના સભ્યોના હોદ્દાની મુદત ....... વર્ષની રહેશે.

(A) 6 વર્ષ (B) 5 વર્ષ

(C) 3 વર્ષ (D) 4 વર્ષ

183. બાળ કામદાર (પ્રતિબંધ અને નિયમન) અધિનિયમ, 1986 અન્વયે જે સંસ્થાને આ કાયદો લાગુ પડે તે સંસ્થાએ બાળ કામદારને નોકરીમાં રાખ્યા બાદ કેટલા દિવસમાં જોગવાઈઓ અનુસારની નોટીસ સ્થાનિક ઈન્સપેક્ટરને મોકલવાની રહેશે ?

(A) 60 દિવસ (B) 30 દિવસ

(C) 15 દિવસ (D) 7 દિવસ

184. ધી ટ્રેડ યુનિયન અધિનિયમ, 1926ની જોગવાઈઓના અમલ માટે નિયમો કોણ ઘડી શકે ?

(A) રાજ્ય સરકાર (B) કેન્દ્ર સરકાર

(C) ઔદ્યોગિક અદાલત (D) ઉચીત સરકાર

185. ધી ટ્રેડ યુનિયન અધિનિયમ, 1926 હેઠળ નોંધાયેલ ટ્રેડ યુનિયનનું વિસર્જન કરવા ઓછામાં ઓછા કેટલા સભ્યોની સહીવાળી નોટીસ આપવાની જરૂરી છે ?

(A) 7 સભ્યો (B) 11 સભ્યો

(C) 5 સભ્યો (D) 2 સભ્યો

186. પ્રસુતિ સહાયતા (એમેન્ડમેન્ટ) એક્ટ, 2017 અન્વયે કેટલી મેટરનીટી રજાઓની જોગવાઈ સુચવેલ છે ?

(A) 12 અઠવાડિયા (B) 26 અઠવાડિયા

(C) 18 અઠવાડિયા (D) 20 અઠવાડિયા

187. બોન્ડેડ લેબર સીસ્ટમ (નાબૂદી) અધિનિયમ, 1976 અન્વયે ....... કમીટીની રચના કરવામાં આવશે ?

(A) સાઈટ અપ્રેઈઝલ કમિટી (B) વીજીલન્સ કમિટી

(C) જીલ્લા કમિટી (D) સ્થાનિક કમિટી

188. કારખાના ધારા, 1948 હેઠળ નોંધાયેલ કારખાનામાં પ્રસુતિ સહાયતા અધિનિયમ, 1961નો અમલ નીચે પૈકી કોણ કરાવે છે ?

(A) નિયામક શ્રી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરી

(B) શ્રમ નિયામકની કચેરી

(C) નિયમાક શ્રી સામાજિક સુરક્ષાની કચેરી

(D) સ્ત્રી અને બાળ કલ્યાણ વિભાગ

189. મુંબઈ દુકાન અને સંસ્થા અધિનિયમ 1948 હેઠળ વેતન સાથે કેટલી રજા કામદારને આપવા પાત્ર છે ?

(A) 21 દિવસ

(B) 18 દિવસ

(C) 15 દિવસ

(D) 30 દિવસ

190. મુંબઈ દુકાન અને સંસ્થા અધિનિયમ, 1948નો અમલ નીચે પૈકી કોણ કરાવે છે ?

(A) શ્રમ નિયામકની કચેરી

(B) સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ

(C) ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરી

(D) ઉપરોક્ત પૈકી કોઈ નહિં.

191. મકાન અને અન્ય બાંધકામ કામદારોની (રોજગારીનું નિયમન અને નોકરીની શરતો) અધિનિયમ, 1996 અન્વયે લાભાર્થી તરીકેની નોંધણી ...... દિવસથી વધુ સમય મકાન બાંધકામ કાર્યમાં રોકાયેલ હોય તેવા કામદારની કરાવવાની રહેશે.

(A) 30 દિવસ

(B) 60 દિવસ

(C) 45 દિવસ

(D) 90 દિવસ

192. ધી બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રક્શન વર્કસ એક્ટ, 1996 કેટલાથી વધારો વ્યક્તિઓ નોકરીમાં હોઈ તેવી સંસ્થાને લાગુ પડે છે ?

(A) 10

(B) 20

(C) 50

(D) 100

193. ધી બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રક્શન વર્કસ એક્ટ, 1996 અન્વયે વેલ્ફેર બોર્ડની રચનાની જોગવાઈ કઈ કલમ હેઠળ કરવામાં આવેલ છે.

(A) કલમ - 22

(B) કલમ - 24

(C) કલમ - 18

(D) કલમ - 21

194. ધી બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રક્શન વર્કસ વેલફેર સેસ એક્ટ, 1996 અન્વયે બાંધકામની કિંમતનાં કેટલા ટકા સેસ માલિક જમા કરાવવાની રહે છે ?

(A) 2 ટકા

(B) 3 ટકા

(C) 5 ટકા

(D) 1 ટકા

195. ઔદ્યોગિક રોજગાર (સ્થાયી હુકમો) અધિનિયમ, 1946 કેટલાથી વધારે વ્યક્તિઓ નોકરીમાં હોય તેવી દરેક ઔદ્યોગિક સંસ્થાઓને લાગુ પડે છે.

(A) 10 વ્યક્તિ

(B) 30 વ્યક્તિ

(C) 100 વ્યક્તિ

(D) 50 વ્યક્તિ

196. ઔદ્યોગિક રોજગાર (સ્થાયી હુકમો) અધિનિયમ, 1946 હેઠળ - સ્થાયી હુકમ રાજ્યમાં કોણ પ્રમાણિત કરી શકે ?

(A) નાયબ શ્રમ આયુક્ત
(B) મદદનીશ શ્રમ આયુક્ત
(C) સરકારી શ્રમ અધિકારી
(D) અધિક શ્રમ આયુક્ત

197. બાળ શ્રમયોગી (નિયમન અને નાબૂદી) અધિનિયમ, 1986માં તાજેતરમાં સુધારો કરવામાં આવેલ છે જે નીચે પૈકી કઈ તારીખથી અમલમાં આવેલ છે ?

(A) 1 લી સપ્ટેમ્બર, 2016
(B) 1 લી જાન્યુઆરી, 2017
(C) 14 મી નવેમ્બર, 2016
(D) 26 ઓક્ટોબર, 2016

198. વર્કીંગ જર્નાલીસ્ટસ એન્ડ અધર ન્યુઝ પેપર એમ્પલોયીઝ (કન્ડીશન્સ ઓફ સર્વીસ) એન્ડ મીસેલેનીયસ પ્રોવીઝન એક્ટ, 1955 અન્વયે "બોર્ડ" એટલે વર્કીંગ જર્નાલીસ્ટ સંદર્ભે કલમ ....... અન્વયે અને નોન - જર્નાલીસ્ટ એમ્પલોયી માટે કલમ ....... અન્વયે રચાયેલ બોર્ડ

(A) કલમ 9 અને કલમ 13 ડીડી
(B) કલમ 9 અને કલમ 13 એએ
(C) કલમ 9 અને કલમ 13 - સી
(D) કલમ 9 અને કલમ 13

199. ધી વર્કિંગ જર્નાલીસ્ટ એક્ટ, 1955 અન્વયે હાલમાં કયા વેતન પંચની જોગવાઈઓ અમલમાં છે ?

(A) બચાવત વેઈઝ બોર્ડ
(B) મજેઠીયા વેઈઝ બોર્ડ
(C) નાણાંવટી આયોગ
(D) વર્કિંગ જર્નાલીસ્ટ વેઈઝ બોર્ડ

200. ધી વર્કિંગ જર્નાલીસ્ટ એક્ટ, 1955 અન્વયે વેતનદર નક્કી કરવા અને સુધારવા વેઈઝ બોર્ડની રચના કોણ કરે છે ?

(A) કેન્દ્ર સરકાર
(B) રાજ્ય સરકાર
(C) નામદાર સર્વોચ્ચ અદાલત
(D) ઉચીત સરકાર